સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

જૂથબંધી અને ફાટફૂટનો સંતાપ છે
નક્કર નથી નેતૃત્વ એનો પશ્ચાતાપ છે
પ્રતાપ છે આ બધો સત્તા-પદની ભૂખનો -
છાપેલ-કાટલાંની ખટપટનો તાપ છે.

હાઈકુ

રહ્યો છે માત્ર,
લ્યો ! ગાંધીવાદી પક્ષ -
પ્હેરવેશમાં...

નેતૃત્વ વિના
તૂટે છે પક્ષ, થાય
વેરવિખેર...

ચિંતન

આ પરસ્વ હિરણ્યવદશ્વવત્સોમ વીરવત્ ।
વાજં ગોમન્તમા ભર સ્વાહા ॥

ઘરસંસારને યોગ્ય રીતે ચલાવવા માટે મનુષ્યોએ પોતાના પુરુષાર્થ દ્વારા સોનું, પશુઓ અને ધન કમાવા જોઈએ. એના સિવાય ઘર સંસાર પરિપૂર્ણ થતો નથી. ગૃહસ્થાશ્રમની ઉન્નતિ પુરુષાર્થમાં સમાયેલી છે. ઘરસંસાર માટે ધન કમાવું અને તેનો સદુપયોગ કરવો એ બંને મહત્ત્વપૂર્ણ છે. તેના વગર ઘરસંસાર સારી રીતે ચલાવવો અશક્ય બને છે. ઘરસંસાર માટે તે ધન કમાય તે જરૂરી છે, પરંતુ તેની કમાણીનાં સાધનો પવિત્ર હોવા જોઈએ. જેમ ઘર સંસારની કમાણીના સાધનો પ્રત્યે સજાગ રહેવું જોઈએ તેમ ધનનો સદુપયોગ કરવામાં પણ વિશેષ ધ્યાન રાખવું જોઈએ. જે ગૃહસ્થો ધનની કમાણીમાં પવિત્રતાનો અને તેના ઉપયોગમાં વિવેકશીલતાનો પાલવ ચુસ્ત રીતે પકડી રાખે છે તેઓ હંમેશા સુખી, સંતુષ્ટ અને સમૃદ્ધ રહે છે.

સુવિચાર

- બે વજહ કોઈ ઈલ્જામ લગ જાયે તો કયા કિજિયે, ફિર યું કીજિયે....
  કિ વો ગુનાહ કર લીજીયે - **મકબુલ સાહબ**
- આ જગતમાં જયાં જોશો ત્યાં જણાશે કે સમસ્યાઓની અંદર તકો આકાર લઈ રહી છે - **રોકફલેર**
- આ જીવ જયારે વિષય - વાસનાથી વિરક્ત થઈ જાય ત્યારે સમજવું કે તે જાગૃત થયો છે - **રામાયણ**
- આજ સુધી મને કોઈ એવો માણસ નથી મળ્યો જે
  મારાથી એકાદ બાબતમાં પણ આગળ ના હોય - **સ્વામી વિવેકાનંદ**
- અત્યારે સોય ભરાવી દો તો પછી સાંબેલુ પણ ભરાવાશે - **ગુજરાતી કહેવત**
- અભિમાની સાધુ કરતાં પશ્ચાતાપ કરીને પ્રભુની ક્ષમાયાચના કરનારો પાપી સારો છે - **સેનેકા**
- આજનું ઔષધ : મસા ઉપર કેરોસિન ચોપડવાથી મસા સૂકાઈ ને ખરી પડે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાના મનમાં ધન લાલસા અને મહત્ત્વાકાંક્ષા વધતી જતી હતી, તે પ્રજા પાસેથી કઈ રીતે વધુમાં વધુ કર મેળવી શકાય તેના ઉપાયો શોધતો હતો. પ્રજા ધર્મપાલક હોવાથી તેને લાગ્યું કે કંઈક એવું સિંહાસન પર હું બેસું તો પ્રજા ધર્મના નામે મને કર આપશે અને ધર્મ પર મારું પ્રભુત્વ વધી જશે. તેણે આ વાત. રાજ પુરોહિત ને કરી. બુઝુર્ગ રાજ પુરોહિત રાજાની અધમ મહત્ત્વાકાંક્ષા પારખી ગયો. તેણે કહ્યું, 'આ શરીર પર તમારો અધિકાર નથી ત્યાં ધર્મ પર તમે અધિકાર કઈ રીતે મેળવી શકો ? તમારા જીવન અને નસીબ ઉપર તમારો કોઈ કાબુ નથી. ક્ષણભંગુર શરીર, મર્યાદિત આયુષ્ય અને વિવિધ સંજોગોથી દોરવાતા એવા તમે આ શાશ્વત ધર્મ પર પ્રભુત્વ કઈ રીતે સ્થાપી શકો ?' રાજાએ કહ્યું, 'ગમે તે ભોગે મારે તો ધર્મ પર પ્રભુત્વ મેળવવું જ છે.' રાજપુરોહિતે કહ્યું, 'રાજન, ધર્મ કોઈ ભૂમિ કે પ્રદેશ નથી, ધર્મ કોઈ હીરા કે ઝવેરાત નથી કે તમે એને પરાજિત કરી શકો ધર્મ તો આચરણ છે. તમે દુશ્મન રાજાને અથવા તેના પ્રદેશને ગુલામ બનાવી શકો, પરંતુ આચરણને કયારેય ગુલામ બનાવી શકાય નહીં. વળી આ તો મન અને શ્રદ્ધાથી થતું આચરણ છે. એના પર તમે અધિકાર કેવી રીતે મેળવી શકો ?' રાજાને રાજપુરોહિતની વાત સમજાઈ. રાજપુરોહિતે કહ્યું 'રાજન, તમારી મહત્ત્વાકાંક્ષા એ જ તમારી અતૃપ્તીની જડ છે, એને દૂર કરશો તો પછી કોઈ પ્રભુત્વની જરૂર નહીં પડે.'

રાષ્ટ્રવાદનો ભવ્યાતિભવ્ય પુરસ્કાર

તંત્રીસ્થાનેથી...

અનેક પ્રકારના વિરોધ અને વિતંડાવાદને ઓળંગી વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીમાં દિગ્વિજય કરવાનો પ્રોતાનો સંકલ્પ સિદ્ધ કરી શક્યા છે. રાષ્ટ્રના ઈતિહાસની આ ચીમાચિહ્નરૂપ ઘટના છે. મોદી સિવાય ભાગ્યે જ કોઈ નેતા આટલી હદે લોકસમર્થન મેળવી શક્યો હોત. એમને પંડિત નહેરુ, ઈંદિરા ગાંધી અને એમના જ પક્ષના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી કરતાં વિશેષ લોકપ્રિયતા હાંસલ કરીને શબ્દના સાચા અર્થમાં એ પોતે જ તોડી શકે એવો વિક્રમ સ્થાપિત કર્યો છે. મોદી માટે આ વખતની ચૂંટણી એમની કારકિર્દીના લિટમસ ટેસ્ટ જેવી હતી. નોટબંધી, જીએસટી અને બેરોજગારી જેવા મુદ્દાઓ એમની વિજયકૂચ સામે સ્પીડબ્રેકર બનીને ઊભા હતા. રાફેલ સોદાની કથિત સંડોવણીનો અતિરંજિત પ્રચાર કરીને રાહુલ ગાંધીએ પોતાના જ પગ પર પત્થર માર્યો, અને કલ્પી પણ ન શકાય એમ ગાંધી પરિવારની પરંપરાગત ગણાતી બેઠક બેઠક પર બહારનાં કણાતાં સ્મૃતિ ઈરાનીએ એમને ધોળે દિવસે તારા બતાવી દીધા. કોંગ્રેસ થોડી વધુ બેઠકો મેલવ્યા છતાં એના રાષ્ટ્રીય અધ્યક્ષની હારની નામોશી કયારેય નહીં ભૂલી શકે.

મોદી-શાહની રાજકીય બેલડી માટે અમેઠી વિજય એ એક નવું નજરાણું બની રહેશે જેની ભવિષ્યના ઈતિહાસે નોંધ લેવી પડશે. જયપ્રકાશ નારાયણના નેજા હેઠળ કટોકટી પછીની જે ચૂંટણીઓ લડાઈ એમાં સંજય ગાંધી અને ઈંદિરા ગાંધી બેઉ હારી ગયા ગયેલા. એમ છતાં કોંગ્રેસ નામશેષ નહોતી થઈ. રાહુલ ગાંધીએ સલામતી ખાતર કેરળની વાયનાડ બેઠક પર ઉમેદવારી કરી હતી એટલે તેઓ સંસદમાં તો બેસી શકશે, પણ અમેઠી વિજય એ કોંગ્રેસની ઐતિહાસિક નામોશી બની રહેશે. સોનિયા ગાંધીએ જતી જિંદગીએ રાયબરેલીની બેઠક પર જિતાડીને મતદાતાઓએ ઉદારતા રાખવી છે. સપા-બસપા ગઠબંધન છતાં મોદી જેને પ્રો - ઈન્કમ્બન્સી વેવ કહે છે એમાં ભાજપ ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ બેઠકો કબજે કરીને પેટાચૂંટણીઓમાં થયેલ પરાજયની નામોશી ભૂંસી શક્યું છે. આ તમામનું શ્રેય બે ગુજરાતી નેતાઓને જ, ચંદ્રગુપ્ત અને ચાણક્ય તરીકે ઓળખાતા નરેન્દ્રભાઈ અને અમિત શાહને જ આપવું રહ્યું. આ બે નેતાઓએ વિપક્ષોએ ચોર, ગુંડા અને કોણ જાણે કેવા કેવા અપશબ્દોથી નવાજ્યા. પરંતુ એની પ્રજા પર અવળી અસર થઈ. પ્રજાએ ઊલટાના એ નેતાઓને હરાવવાનો એક મુદ્દાનો કાર્યક્રમ લઈ ચાલનારા વિપક્ષી નેતાઓનાં જ કપડાં ઉતારી લઈ જિંદગીબર યાદ રહે એવો બોઠપાઠ આપ્યો. ગુજરાત સહિત છ રાજયોમાં કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષને નામશેષ કરીન રાજકીય દિગ્વિજય કર્યો છે. અહમદ પટેલ, કમલનાથ, અશોક ગહલોત કે પ્રિયંકા વાડ્રા અને સિંધિયા જેવા નેતાઓને મોદીએ એમની હેસિયત બતાવી દીધી છે. દિગ્વિજયસિંહ સામે ઉમેદવારી કરનારાં રાજકારણના રંગોથી અપરિચિત અને ગાંધીહત્યાને વાજબી ઠેરવતાં પ્રજ્ઞા ઠાકુર પણ મોદીવેવમાં વિજયી થયા છે. ભારતની લોકશાહીનો આ નવો વળાંક છે. હિંદુ બહુમતીના સ્વાભિમાનનો આ વિજય છે.

ઈસ દુનિયા મેં દો ટાંગોવાલા જાનવર સબસે ખતરનાક જાનવર હૈ

ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા
jayuoza@gmail.com

ઈસ દુનિયા મેં દો ટાંગોવાલા જાનવર સબસે ખતરનાક જાનવર હૈ

- હાથી મેરે સાથી

૧૯૭૧માં એમ. એ. થીરુમુઘમ દિગ્દર્શિત 'હાથી મેરે સાથી' ફિલ્મ રિલીઝ થઈ હતી. રાજેશ ખન્ના અને તનુજા અભિનીત આ સંવાદ સલીમ જાવેદે લખી હતી અને આ ફિલ્મના સંવાદ ઈન્દરરાજ આનંદે લખ્યા હતા.

આ ફિલ્મ વાસ્તવમાં તમિલ લેખક એમ.એ. ચિન્નપા થેવરે લખી હતી, અને તેઓ આ ફિલ્મના દિગ્દર્શકના ભાઈ હતા.

આ ફિલ્મથી સલીમ-જાવેદની બેલડીએ ફિલ્મ રાઈટીંગ કરિયર શરુ કરી. આ ફિલ્મ રાજેશ ખન્નાની સળંગ ૧૭મી હિટ ફિલ્મ હતી. ૧૯૬૯ થી ૧૯૭૧ દરમિયાન સુપરસ્ટાર રાજેશ ખન્નાની આ સળંગ હીટ ફિલ્મોના પરંપરામાની એક હતી. કોઈ દક્ષિણના નિર્માતાએ બનાવેલી હિન્દી ફિલ્મ આટલી મોટી સુદર હીટ સાબિત થઈ હોય તે બાબત તે સમય માટે નવાઈની હતી.

આ ફિલ્મનો સંવાદ પશુ કરતા પણ ખતરનાક મનુષ્ય છે, તે વાત ઈંગિત કરે છે. ફિલ્મમાં આ સંવાદ રાજેશ ખન્ના દ્વારા બોલવામાં આવે છે.

જો કે આ સંવાદનું અમિત સત્ય તો વર્ષો પુરાણું છે, અને વર્ષો સુધી અટલ રહેશે તેમાં મીનમેખ નથી.

'તન્ત્રોપાખ્યાન' નામક સુભાષિત સંગ્રહ ગ્રંથમાં આ જ પ્રકારનો શ્લોક મળી આવે છે.

પ્રાણેય મનુષ્યા એવા કઠિના ન મૃગાઃ ।

- તન્ત્રોપાખ્યાન

'તન્ત્રોપાખ્યાન' ગ્રંથ મૂલતઃ પંચતંત્રનું તમિલ વર્ઝન છે. 'થાઈ પંચતંત્ર' પણ અસ્તિત્વમાં છે. 'પંચતંત્ર' જેવો લોકપ્રિય ગ્રંથ ભારતના સીમાડા પાર કરીને પૂરા વિશ્વમાં ફેલાયેલ આ મહાન ગ્રંથ... ભારતીય સંસ્કૃત સાહિત્યનો આ મહાન ગ્રંથ વિશ્વની અનેક ભાષામાં અનુવાદિત થયો છે.

આજના સમયમાં આપણે આ સત્ય માની ચૂક્યા છીએ કે બે પગવાળા મનુષ્યમાં જે ક્રૂરતા ભરી છે, તેના કરતા તો ચાર પગવાળા પશુઓ ઓછા ઘાતક છે.

આજે માતૃભાષાની કાર્યશાળા

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં; કાર્યક્રમ 'વાર્તાવાચિકમ્, કાવ્ય પઠન, એકાંકી (નાટક) પઠન તથા તે અન્વયે વિચાર વિમર્શ અને વિવેચન' અંતર્ગત, એક સાહિત્યિક કાર્યક્રમ તા. ૨૬-૦૫-૨૦૧૯ને રવિવારના રોજ, બપોરના ૧.૦૦ થી ૪.૦૦ દરમિયાન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિખંડમાં, સેકટર-૧૨, 'ગ-રોડ', ગાંધીનગર ખાતે યોજાશે ; જેમાં કવિશ્રી, વાર્તાકાર અને નાટ્યકાર પ્રો. યશવંત વાઘેલા (અમદાવાદ), તેઓનાં પુનરાગમનનું સ્વમુખે પઠન કરશે, જયારે નાટ્યકાર પ્રા. મૌલિકરાજ શ્રીમાળી (ગાંધીનગર) તેઓના સ્વરચિત એકાંકી 'ઉર્ફે આલો'નું સ્વમુખે પઠન કરશે અને પીઢ અને જાણકાર કવિઓ / લેખકો વિચાર-વિમર્શ કરી, સમીક્ષા - વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા સભ્યો, સાહિત્યરસિકો / ભાવકો અને મહાનુભાવોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● સ્વભાષાનું ગૌરવ વધારવા, વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષા ગુજરાતીના સત્ત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ભાષાશાસ્ત્રક અને વ્યાકરણની સમભૂતિ માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતી કાર્યશાળાઓ અંતર્ગત, માતૃભાષા સાધકોની વીસમી કાર્યશાળા તા. ૨૫-૦૫-૨૦૧૯ને શનિવારના રોજ સાંજના ૩.૩૦ થી ૬.૦૦ દરમિયાન, ચિલ્ડ્રન યુનિ.ના સભાખંડમાં, સેકટર-૨૦ ગાંધીનગર ખાતે યોજાશે, જેમાં પ્રખર ભાષાવિદ જેઠાભાઈ પટેલ (મહેસાણા) જોડણીના વિષયે શીખવાડશે. આ કાર્યશાળાનો લાભ લેવા કન્વિનર સંજય પંડ્યા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

Muljibhaidadhi@gmail.com
(M) 9824236893

રાજ્યની સ્થાપનાના મહીને સર પટ્ટણીનું પુણ્ય સ્મરણ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ગોળમેજી પરિષદમાં ગાંધીજીને જવા માટે સર પટ્ટણી સમજાવે છે. ઉપરાંત બીજી ગોળમેજી પરિષદમાં પ્રભાશંકર ગાંધીજીની હાજરીમાં લંડન પણ જાય છે. તે સમયની એક ઘટના મુકુન્દભાઈ પારાશર્યે નોંધી છે. એક સમયે પ્રભાશંકર લંડનની બજારમાંથી પસાર થતા હતા ત્યારે અચાનક તેમણે અંગ્રેજ અમલદાર કીલીને જોયા. સર પટ્ટણીની સૂચનાથી તેમના સચિવે કીલીના ઘરનું સરનામું મેળવ્યું. પટ્ટણી સાહેબે ડીનર માટે બોલાવ્યા છે તેમ સચિવે કીલીને રૂબરૂ મળીને જણાવ્યું. કીલીએ આનાકાની કરતા કહ્યું કે તેઓ નિવૃત્ત થઈ ગયા છે. સર પટ્ટણીના સચિવે શાલીનતાથી ઉત્તર વાળ્યો કે પટ્ટણી સાહેબનો સબંધ કોઈ પદ કે હોદ્દાની મુદત સાથે જોડાયેલો નથી. આથી તેમને ડીનર પર આવવા ભારપૂર્વક વિનંતી કરી. કીલી ડીનર માટે આવ્યા. પ્રભાશંકરે બારણા સુધી સામા જઈને માનપૂર્વક તેમનું સ્વાગત કર્યું. સ્નેહ તથા ઉષ્માપૂર્વક પ્રભાશંકરે કીલીને તેમના કુશળ અંતર પૂછ્યા તથા કૌટુંબિક સ્થિતિની પૂછપરછ કરી. કીલીએ થોડી ગ્લાની સાથે સ્પષ્ટતા કરી કે ઓછી આવકને કારણે પુત્રના અભ્યાસક્રમને કદાચ છોડાવવો પડે તેવી સ્થિતિ છે. સર પટ્ટણીએ સારી એવી રકમનો ચેક કીલીને ભાવનગરના મહારાજા સાહેબ તરફથી ભેટ એમ કહીને આપ્યો. કીલીની આંખમાં પાણી ભરાઈ આવ્યું. પ્રયત્ન કરીને આભાર પ્રગટ કરતા કહ્યું કે તમે નિવૃત્તિ પછી પણ મને જાળવશો તેવી કદી કલ્પના પણ કરી ન હતી. પછી વાત લંબાવતા કીલી કહે છે : "મેં તમને અન્યાયી રીત રસમ અજમાવી પરેશાન કર્યા હતા તેનો અફસોસ થાય છે. " કીલીની વાતનો પ્રત્યુત્તર વાળતા સર પટ્ટણી માત્ર એટલુંજ બોલ્યા : " અફસોસ હૃદયને શુધ્ધ કરે છે. બાકી તો આપ આપની ફરજ સમજી કામ કરતા હતા અને હું મારી સમજ પ્રમાણે વર્તન કરતો હતો. " મકાનના દરવાજા સુધી કીલીને સન્માનપૂર્વક વળાવવા જઈને પાછા આવતા સર પ્રભાશંકર પટ્ટણી ગૌરવ તથા ઔદાર્યના મેરૂ શિખર સમાન દીસતા હતા. આવી પવિત્ર મનોવ્રત્તિ વાળા સર પટ્ટણીએ એક સ્વરચિત કાવ્યમાં નીચેના શબ્દો લખ્યા હતા જે તેમના વિચાર તથા વર્તનમાં પ્રગટ થતા હતા.

મારી આખી અવનિ પરની
જિંદગાની વિશે મેં,
રાખી હોય મુજ રિપુ પરે
દ્રષ્ટિ જે રીતની મેં,
તેવીયે જો મુજ ઉપર તુ
રાખશે શ્રીમુરારિ !
તોયે તારો અનૃણી થઈને
પાડ માનીશ ભારી.

ગઈકાલ સુધી જ્યારે ચૂંટણીના માહોલમાં એક બીજા પક્ષ કે વ્યક્તિ પરત્વેનો સહજ વિવેક કે આદર લગભગ ભૂંસાતા જતા હતા ત્યારે સર પ્રભાશંકર પટ્ટણીની આ રાજહંસ સમાન નીરક્ષિર તારવવાની વૃત્તિ અંતરમાં પ્રસન્નતાનો ભાવ ભરીને જાય છે. સમાજમાં જ્યારે વિવેક વૃત્તિનો ક્ષય થાય છે ત્યારે અનેક પ્રકારની સામાજિક વિષમતાઓનો ઉદય થાય છે. મે મહીનો આપણી રાજયની સ્થાપનાનો માસ છે. આથી આ માસમાં ફરી એક વખત સામાજિક સદભાવ પ્રગટાવવાના સંકલ્પનો પુનરોચ્ચાર કરવાની સમયની માંગ છે. સદ્ભાવ તેમજ એકબીજા તરફની સહાનુભૂતિ એ સ્વસ્થ અને મજબૂત સમાજજીવનના પાયા સમાન છે. ગાંધીની આ ભૂમિ છે. રાજ્યની શુભ શરૂઆતનું દીપ પ્રાગટ્ય રવિશંકર મહારાજ જેવા "ઘસાઈને ઉજળા થનાર" મહામાનવના કરકમળોથી થઈ છે. મહારાજ અને પ્રભાશંકર પટ્ટણીના વિચારમાર્ગે ચાલવાનો પુનઃ સંકલ્પ કરવા જેવો છે. ગાંધીના પગલે ચાલવાની વાત કવિ ઉમાશંકરે કરી છે તે ભૂલવા જેવી નથી.

ગાંધીના પગલે તું
ચાલીશને ગુજરાત ?
સત્ય અહિંસાની આંખે
તું ભાળીશને ગુજરાત ?
બિરદ વિવેક બૃહસ્પતિનું
જે
તું પાળીશને ગુજરાત ?

સર પ્રભાશંકર પટ્ટણીના સમગ્ર જીવનમાં કર્મઠતા સાથેજ ઉદારતાના ઉમદા ગુણોનું દર્શન થાય છે. જન સામાન્ય તરફની સંવેદના એ પ્રભાશંકરના જીવનનું ઉજળું પાસુ હતું. પટ્ટણી સાહેબ શબ્દોના પણ શિલ્પી છે. તેમના અંતરની સંવેદના તેમના શબ્દોમાં પ્રગટ થાય છે.

દુઃખી કે દર્દી કે કોઈ
ભૂલેલા માર્ગ વાળાને
વિસામો આપવા માટે
ઉઘાડી રાખજો બારી.

ભાવનગરને સંસ્કારના સર્વોચ્ચ શિખર પર લઈ જનારા અનેક મહામાનવીઓ છે. આ ઉજ્વળ આકાશગંગામાં ગગા ઓઝા તથા સર પ્રભાશંકર પટ્ટણી જેવા ઉમદા ચરિત્રના વહીવટકર્તાઓનો સમાવેશ થાય છે. કૃષ્ણકુમારસિંહજી જેવા ફકીરી વૃત્તિ ધરાવનારા રાજપુરુષો તો ખરાજ. રાજવીઓ તથા વહીવટનો દોર સંભાળતા અધિકારીઓ થકી ભાવનગર રાજયની ખ્યાતિ ચોમેર પ્રસરી હતી. આમ પણ ઈતિહાસ એ વાતની શાક્ષી પૂરે છે કે જયાં રાજવી તથા વહીવટદારો સંયુક્ત રીતે પ્રજા કલ્યાણના કાર્યોમાં રત હોય તેમજ સંવેદનશીલ હોય ત્યાં નમૂનેદાર શાસનકાળનું સર્જન થાય છે. અહીં આવીજ સ્થિતિ ધરાવતા વડોદરા રાજયનું સ્મરણ થાય છે. સરી ટી. માધવરાવે ગોપાલકમાંથી બાળ રાજવી બનેલા સયાજીરાવ (ત્રીજા)ની કેળવણી સંપૂર્ણ સુચારુ તથા આયોજનબધ્ધ કરી હતી. સર સયાજીરાવ ગાયકવાડના વટવૃક્ષ જેવા ઘેઘુર તથા ભવ્ય વટવૃક્ષના મૂળમાં સર ટી. માધવરાવના ગંજાવર પ્રયાસોનો પસીનો પડેલો છે. દેશ આઝાદ થયો ત્યારબાદ પણ નવા રાષ્ટ્રની પ્રારંભિક અનેક કટોકટીની ક્ષણોએ એચ. એમ. પટેલ, એચ. એમ. ચાગલા જેવા સ્થિરમતી વહીવટદારોએ તત્કાલિન પ્રધાનમંત્રી તથા ઉપ પ્રધામંત્રીને વહીવટની ઉચિત પધ્ધતિ તેમજ પ્રણાલી તરફ દોર્યા છે. જ્યાં વહીવટદારો સત્ય માર્ગ કે સન્માર્ગને ચૂક્યા છે તેમજ સમાજ જ્યારે સારાસારનો વિવેક ચૂકે છે ત્યાં તેના માઠા પરિણામો પણ પ્રજા તથા શાસન બન્નેએ ભોગવ્યા છે. ગુજરાતના વિકાસની દિશા રવિશંકર મહારાજની કલ્પના મુજબની હોય તેમાંજ સાર્વત્રિક કલ્યાણ છે.

વિરોધીઓને પણ પ્રેમથી સમજાવવાનું ગાંધી ક્યારેય ચૂક્યા ન હતા

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ભરૂચ પાસેના કારેલી ગામ ખાતે દાંડીકૂચ પહોંચી હતી. આ ગામમાં સમિતિના અગ્રણીઓએ મીઠા ઉપરાંત ભારતીય પ્રજાને રંજાડતા બીજા કરવેરાનો ભંગ કરવાની અને જો એ કરવો તો કયા વેરાનો કરવો? તે અંગે ગાંધીજીની સલાહ પૂછી હતી. પરંતુ ગાંધીજીએ કૂચ પહેલા પણ માત્ર ને માત્ર મીઠાના કાયદા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું એવો નિર્ણય લીધો હતો એની અંદર કોઈ ફેરફાર કર્યો નહીં અને સમગ્ર ભારતીય પ્રજાને સ્પર્શતા મીઠાના કાયદા સામે જ પ્રજાની સંગઠિત લડત ચલાવવા ઉપર ભાર મૂક્યો હતો. બીજા દિવસે ગજેરા ગામથી આગળના ગામ અણખી પહોંચ્યા હતા. એ પછી મહાત્મા ગાંધીની હાજરીમાં અણખી ગામે એક ઓર મહત્વનો અને પોતાની સમજ મુજબનો નિર્ણય લીધો હતો. ગામનો નિર્ણય એવો હતો કે કોઈપણ સરકારી નોકરને કોઈપણ પ્રકારની મદદ કરવી નહીં. મીઠાના કાયદા સામે પ્રજામાં જંગી આક્રોશ અને મહાત્મા ગાંધીના વિચાર કાર્યને વધુને વધુ સહકાર આપવાની બાબત આ નિર્ણયમાં છલકતી જોવા મળી હતી. પરંતુ ગાંધી તો ગાંધી જ ને. આ ગામના લોકોને સંબોધતા ગાંધીજીએ શું કહ્યું એ જોવા જેવું છે. ગાંધીએ કહ્યું કેઃ " મેં સાંભળ્યું છે કે લોકો અમલદારને પાણી, દીવાસળી વગેરે જેવી જરૂરી ચીજ વસ્તુ કાંઇ જ આપતા નથી, એમ કરવાનો લોકોને હક છે - ધર્મ છે. પણ એમને ભૂખે મારવાનો આપણો ધર્મ નથી. જોર કરીને માગે તો કંઈ પણ ન મળે. ડાયરશાહી શબ્દનો ઉપયોગ મેં જ કરેલો. પંજાબમાં જુલમ કરનાર ડાયર મને ગોળી મારે ને જો તરત જ તેને સર્પ કરડ્યો હોય તો હું સર્પદંશ ચૂસીને એનું ઝેર ઉતારું. ગાંધી આ રીતે સ્વરાજ લડતમાં જોડાતા ગ્રામજનોને સમજાવે છે. હું ને મારા સાથીઓ આંદોલનની રણનીતિ ઘડવા માટે મળી હતી. આ બેઠકને સંબોધતા ગાંધીએ કહ્યુ કે " હંમેશા હોય તે કરતાં પણ આજે મારી પાસે વધારે કામ આવી પડ્યું છે, મહાસભાના ઘણા ખરા સભ્યોને હાજર છે પણ સમયના અભાવે તેમના ભાષણો નીકળ્યા તે એવી આશા થી કે અમે એકલા ૮૦ નહિ પણ ૩૦ કરોડ નીકળ્યા છીએ."- ગાંધી આ નાનકડા સંવાદ સાથે સરકારી કર્મચારીઓ અને અમલદારોનો વિરોધ કેવા પ્રકારનો હોવો જોઈએ એ બાબત ગામલોકોને સમજાવે છે.

આગળના દિવસોમાં જંબુસરમાં કોંગ્રેસમાં સમિતિની બેઠક મીઠાના સત્યાગ્રહ

જે ગામના વડીલો ઈચ્છતા કે ગાંધી એ ગામમાં ના આવે ત્યાં ગાંધીજી ગયા અને સ્વરાજ લડત અંગે પ્રેમથી સહુને સમજાવ્યા

ગાંધીજીએ મુસ્લિમ બાહુલ્ય ધરાવતા આમોદ ખાતેના પોતાના ભાષણમાં કહ્યું કે, આખરી લડતમાં હિન્દુ મુસ્લિમ બંને જોડાઈ જજો, હવે તો લડતનું એવું સ્વરૂપ છે કે ગરીબ, તવંગર, વૃદ્ધ, બાળક બધા જ સરખો ભાગ લઈ શકે. તમે નહીં સાંભળી શકો તે માટે લાચાર છું. વળી અમારે વખતસર અહીંથી જવું જોઈએ એટલે મોટા ભાષણોનો વખત નથી. સ્વાગત માટે ધન્યવાદ આપું છું અને મુખીઓએ રાજીનામાં આપ્યા તે માટે મુબારકબાદી આપું છું. અહીં એ ઉલ્લેખનીય છે કે મોતીલાલ નેહરુએ અલ્હાબાદ ખાતેના તેમના આનંદભવનને રાષ્ટ્રને અર્પણ કર્યુ હતું.

ગાંધીજીના સ્વાગત માટે ઝંખી રહ્યા હતા. ગામમાં વડીલો કરતાં જુવાનોની સંખ્યા વધુ હોવાથી વડીલોએ નમતું જોખવું પડ્યું. ગાંધીજીએ આ વાત તેમના ભાષણમાં ઉલ્લેખ સાથે કરી. બુવા ગામમાં ભાષણ કરતા ગાંધીજીએ કહ્યું કે, ' બીજા ગામોમાં ગયો છું, તેમની ઈચ્છાથી ગયો છું, પણ અહીંના મહાજન વડીલો ઈચ્છે છે હું ન આવું તો સારું. જુવાનોને મારી સલાહ છે કે વડીલોનો વિરોધ હોય તો મને ન બોલાવો એ જ સારું. જો મારે તો તમને તોફાન મારપીટ ન કરતા એક નન્નો ભણાવવાનું શીખવવાનું છે. એક નન્નો સો દુઃખને હરે એ સાચું છે. બધા જ સરકારી નોકરો એ ભણો અને હું દાંડી જઈને કહું મીઠાને માટે તમે બધા નીકળી પડો સ્વરાજ મળે.'

ગાંધી જ્યારે દાંડીકૂચ લઈને નીકળ્યા ત્યારે કૂચના માર્ગ આજુબાજુના ગામડાઓમાંથી જ્યારે ગાંધી પસાર થવાના હોય ત્યારે યાત્રાના માર્ગમાં પોતાનું ગામ આવતું નથી એની સામે મોટાભાગના ગ્રામજનોને દુઃખ થતું હતું અને ગાંધી અને તેમના સાથીઓ અમારા ગામમાં આવે એવી વિનંતી રહેતી હતી. પરંતુ નર્મદાના તટ પ્રદેશની નજીકનું એક ગામ 'બુવા' એવું પણ હતું કે એ ગામના વડીલો ગાંધીજી આ ગામમાં ન આવે એવું ઈચ્છતા હતા!.

આ વડીલો કેમ આવું ઈચ્છતા હતા એ અંગે તો બહુ સ્પષ્ટતા નથી, પરંતુ આ ગામના યુવાનો હું રણસંગ્રામ ચડ્યો ન હોત તો તો એક પક્ષ બોલાવે તો જાવ અને બીજા પક્ષને પણ ખેંચું. અત્યારે રણસંગ્રામ ચડ્યો છું. જુવાનોને આટલું કહ્યા બાદ વડીલોને પણ કંઈ કહેવા ઈચ્છું છું મને ૬૧ વર્ષ થયાં એટલે હું વડીલ પણ કહેવાવ. મને ભાસે છે કે મારું મન જુવાન છે મને થાય છે કે થોડા વર્ષ લડી લઈએ. ઈશ્વરે મને એવો લડી લેવાનો સ્વભાવ જ આપ્યો છે. તમે જુવાનો ને ના તરછોડો. તમે મને આશીર્વાદ આપો અને સત્યનો તથા ધર્મનો માર્ગ ન છોડવાનું કહો.

બાપુ એ બાપુ જ હતા એ આવા પ્રસંગોમાંથી સહેજે સમજાય છે. જે ગામના વડીલો 'પોતાના ગામમાં ગાંધી અને તેમના કૂચના સૈનિકો આવે નહીં' એવું ઈચ્છતા હતા એ જ ગામમાં જઈને ગાંધીએ ભાષણ તો કર્યું જ અને નિયત સમય કરતાં બે કલાક વધુ રોકાણ પણ એ 'બુવા'ગામમાં વડીલો અને યુવાનો સાથે કર્યું. સ્વાભાવિક છે કે આ રોકાણ સ્વરાજ પ્રાપ્તિની લડતમાં જે નાનો સરખો પણ વિરોધ કરતા હોય તેમની સમજાવટ માટે જ હોય, ક્યાંય કોઈ અહમ નહીં, સામેવાળાને સાચી લડતમાં પ્રેમથી સમજાવીને હૃદય પરિવર્તન કરવાનું. આજે પણ ગાંધી પાસે એ જ તો શીખવા જેવું છે. જેમને સોયની અણી સરીખો પણ વિરોધ હોય એમને વાણી અને નિસ્વાર્થ પ્રેમથી જીતવાના. કૂચનું આગળ નું ગામ સમની હતું, અને બીજે દિવસે વાર હતો સોમવાર, ગાંધીનો મૌનવાર. એટલે આ ગામે ગાંધીજીએ મોડા પહોંચીને પણ પ્રચંડ જનમેદનીને મીઠાના કાયદા ભંગની વાતની સાથે ખાદી પહેરવા અને ખાદી પેદા કરવા પણ લોકોને સમજાવ્યા. આ ગામમાં દક્ષિણ ભારતના નેલ્લોરથી આવેલા એક જમીનદાર રેડ્ડીએ સ્વરાજ લડતમાં રૂપિયા એક હજારનો ફાળો મહાત્મા ગાંધીના ચરણે ધર્યો હતો.